BAOU

**FST - 01**

# (BDP)

## સ્નાતક પદવી અભ્યાસક્રમ

# (Bachelor's Degree programme)

## સ્વાધ્યાય કાર્ય

## ઓગષ્ટ -2008

## પાઠ્યક્રમ : FST - 01

## શીર્ષક : વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમાં બૂનિયાદી પાઠયક્રમ

નોંધ : વિદ્યાર્થીએ નિયત સમય મર્યાદામાં બધા જ સ્વાધ્યાયકાર્ય અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મુલ્યાંકન થયા બાદ TMA (સ્વા–1 અને સ્વા–2) મુલ્યાંકન પત્રક સાથે અભ્યાસકેન્દ્ર પરથી અવશ્ય પરત લેવું.

**ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**આર.સી. ટેકનિકલ કમ્પાઉન્ડ,ન્યુ. ગુજરાત હાઈકોર્ટ સામે,**

**સરખેજ–ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ–3800060.**

**ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**આર.સી. ટેકનિકલ કમ્પાઉન્ડ,ન્યુ. ગુજરાત હાઈકૉર્ટ સામે,**
**સરખેજ–ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ–3800060.**

**પાઠયક્રમ કોડ** :– FST-01
**સ્વાધ્યાયકાર્ય** :– 01
**સ્વાધ્યાયકાય** :– FST-01/AST-1/TMA-1/2008
**કુલ ગુણ** :– 100

**બધા પ્રશ્નોના જવાબ આપો.**
**મુદ્દાસર જવાબ આપો.**

1. 'વિજ્ઞાનના વિકાસમાં વ્યાવહારિક પ્રયોગો સાથે કલ્પનાઓ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે' કોઈ પણ બે ઉદાહરણો સહિત આ વિધાન સમજાવો. તમારો જવાબ 250 શબ્દોની મર્યાદામાં આપશો.
2. હેનીફોર્ડનું વિધાન 'ઈતિહાસ એક પોકળ/વાહિયાત વાત છે' આ વિધાન વિજ્ઞાનના વિકાસ માટે સાચું છે કે ખોટું છે ? 250 શબ્દોની મર્યાદામાં આ વિધાન સમજાવો.
3. ભારતના વિજ્ઞાન વિકાસમાં પ્રાચીન વૈજ્ઞાનિકોના પ્રદાન/યોગદાન જે તે વૈજ્ઞાનિકોના નામ સાથે સમજાવો.
4. વિજ્ઞાનના વિકાસમાં આરબોએ શું યોગદાન કરેલ છ. ? આ યોગદાનનું વર્ણન કરો.
5. "કોઈપણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે આધુનિક દૃષ્ટિબિંદુ તથા પ્રાચીન અનુભવો બંને જરૂરી છે." સમજાવો.
6. (અ) આશરે ૨૫૦ શબ્દોમાં કોપરનિકસ અને ગેલેલિયોના ખગોળશાસ્ત્રનાં અવલોકનોનું વર્ણન કરો
   (બ) બીગબેન વાદ એટલે શું? તે શું સમજાવે છે.?
7. સમસ્યાઓના ઉકેલમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો જરૂરી છે.? શા માટે? વિસ્તારથી સમજાવો.
8. સજીવોની ઉત્ક્રાંતિ પુરાવાઓ આપી સમજાવો.
9. પરિસ્થિતિકીય કટોકટી એટલે શું? ચર્ચા કરો.
10. (અ) ઉર્જાના પિરામીડો હંમેશા સીધા જ હોય છે – સમજાવો.
    (બ) રીમોટ સેન્સીગની વ્યાખ્યા આપો.
    (ક) બિનપરંપરાગત ઉર્જા વિષે લખો.

## સ્વાધ્યાયકાર્ય :– 02

**બધા પ્રશ્નોના જવાબ આપો.**
**મુદ્દાસર જવાબ આપો.**

1. નોંધ લખો
   1) ક્ષારયુકત જમીનની પુનઃપ્રાપ્તિ
   2) કઠોળ પાકો
   3) રેસાઓ એટલે શું? રેસા આપતી વનસ્પતિઓના નામ લખો.
2. ભારતના પશુધન ઉપર અહેવાલ આપો. આમાંના કેટલાક ચોપગાં – પાલતું પશુઓને સંકરણ કરવાની થતી સારી–માઠી અસરો ઉપર ચર્ચા કરો.

3. આધુનિક વૈજ્ઞાનીક સૂવિધાઓએ વૈશ્વિક સ્તરે અંતર ઘટાડી દીધું છે. સમજાવો.
4. વીટામીન્સ તેમજ ખનીજોનું આપણા આહાર તેમજ સ્વાસ્થ્ય માટે શા માટે જરૂરી છે.? વિસ્તારથી સમજાવો.
5. હતાશાનાં કારણો તથા તેની અસરો વિસ્તારથી સમજાવો.
6. માનવીના મગજની રચના સમજાવો. મગજના દરેક ભાગના કાર્યોલખો તથા આ ભાગોમાં નિયમન તેમજ તેમના વચ્ચે સંયોજન કઈ રીતે થાય છે તે સમજાવો.
7. ન્યુ વર્લ્ડ ઈકોનોમિક ઓર્ડર ઉપર વિસ્તૃત ચર્ચા કરો.
8. 'કોઈપણ રાષ્ટ્રનો આર્થિક વિકાસ તેના વૈજ્ઞાનિક વિકાસ ઉપર આધાર રાખે છે' આ વિધાન સાચું છે? ચર્ચા કરો.
9. બાયોટેકનોલોજીની સારી–માઠી અસરો વિષે લખો.
10. * સામાન્યતઃ મોટા શહેરોમાં થતા રોગોની યાદી, તેમનો ફેલાવો તથા ઉપચારો ઉપર લખો.
    * કુપોષણની થતા રોગોની યાદી આપી તથા તેના કારણો જણાવો.

## સ્વાધ્યાયકાર્ય :– 03

**બધા પ્રશ્નોના જવાબ આપો.**
(પ્રત્યેક પ્રશ્નની નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.)

1. પાષાણ યુગના અંતનું કારણ ........... નથી.
   1. વસ્તીવધારો અને અન્ન ઉત્પાદનમાં ઘટાડો    2 વસ્તીનું સ્થળાંતરણ
   3. પશુઓની સંખ્યામાં વધારો    4 પ્રકૃતિ પર નિર્ભરતા
2. નીચેનામાંથી કયા વૈજ્ઞાનિકે જીઓસેન્ટ્રિક મૉડેલ આપ્યું
   1. કોપરનિકસ    2. ચાર્લ્સ ડાર્વિન    3. ટોલેમી    4. ગેલેલિયો
3. નીચેનામાંથી કયું ઓપ્ટીકલ ખગોળશાસ્ત્ર સાથે સંબંધિતછે?
   1. બ્રહ્માંડના પદાર્થોમાંથી નીકળતા રેડિયો તરંગ ભેગા કરી તેનું વિશ્લેષણ    2. કવોસર્સ
   3. સૌરમંડલ    4. ઉપગ્રહોને તરતાં મૂકવાં
4. સજીવોની ત્પતિ માટેનો વિશિષ્ટ સર્જનાવ શું સમજાવે છે?
   1. સજીવોનું ઈશ્વરે કરેલું સર્જન    2. સજીવોની ક્રમશઃ ઉત્ક્રાંતિ
   3. જટિલ સર્જનમાંથી સાદા સર્જનમાં પરિવર્તન    4. આનુવાંશિકતા
5. નીચેનામાંના કયા કારણોને લીધે કાંસ્યયુગની પડતી થઈ.?
   1. હીમયુગ–અતિશય ઠંડી ને લીધે    2. અતિવર્ષા–પૂર આવવાને કારણે
   3. અતિશય ઉચ્ચ તાપમાન થવાથી    4. સમાજમાં તિરાડ પડી ગઈ
6. નીચેના પૈકી કયા બનાવો જે તે સમય દરમ્યાન પ્રવર્તતી સામાજિક વિચારશૈલીથી અસર પામ્યા
   1. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો ચર્ચ દ્વારા વિરોધ
   2. આર્યભટ્ટના ખગોળશાસ્ત્રનો વિકાસ
   3. મધ્યકાલીન યુરોપમાં તે સમયની ધાર્મિક માન્યતાઓને પડકારી હતી તેમને માન–સન્માન આપ્યા
   4. પુનરુત્થાન સમયમાં ગુલામોની શોષણખોરી.
7. અસ્થિઓ/ખડક વગેરેની વય તેમ જ કાળ નિર્માણ નક્કી કરવા કઈ પધ્ધતિ વપરાય છે?
   1. કિરણોત્સર્જી સમસ્થાનિકો    2. ક્ષ – કિરણ
   3. કોસ્મિક કિરણો    4. રેડિયો તરંગો
8. નીચેનામાંનું કયું પ્રાણી સૌ પ્રથમ માનવી જેવા અશ્મિઓ ધરાવતું હતું?
   1. હોમો ઈરેકટસે    2. નીએન્ડરથલ્સ
   3. ઓસ્ટ્રેલોપીથિકસ    4. ઉરાંગ ઉટાંગ
9. દગવિદ્યાનો પાયો કયા ગ્રંથમાં વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે?
   1. The Two New Science    2. The Origin of Species
   3. Siderius Nuntius    4. Ibn – al – Haitham

10. રૂધિરાભિષરણનો સિધ્ધાંત સવિસ્તારથી સમજાવવામાં આવ્યો છે?
 1. ડાર્વિન 2. લેમાર્ક 3. હાર્વે 4. ચરક
11. પ્રાચીન ભારતમાં વિજ્ઞાનનો સુવર્ણયુગ કયા સમયમાં થયો હતો.?
 1. ઋગ્વૈદિક કાળ 2. ગુપ્તકાળ
 3. મૌર્યકાળ 4. સિન્ધુ સંસ્કૃતિ દરમ્યાન
12. શલ્વસૂત્ર વિજ્ઞાનનો કયો વિષય છે?
 1. ભૂમિતિ 2. અંકગણિત 3. લધુગણિત 4. ખગોળશાસ્ત્ર
13. નીચેનામાનાં કયા ગ્રહમાં વલયો જોવા મળે છે.?
 1. યુરેનસ 2. શનિ 3. મંગળ 4. પ્લુટો
14. નીચેનામાંનું કયું સજીવ પરોરપજીવી નથી?
 1. લીલ 2. ફૂગ
 3. કોલેરાનાં જીવાણું 4. મેલેરિયાને ઉત્પન્ન કરતું–પ્લાગમોડિયમ વાઈવેડસ
15. લીલી વનસ્પતિઓ, તૃણાહારી, માંસાહારી, ફળાહારી પક્ષીઓ, ફૂગ કીટાહારી પક્ષીઓ, જૂ, જીવાણું વગેરે––––––––––બનાવે છે. સર્વોત્તમ વિકલ્પ ચૂંટો.
 1. જૈવિક ઘટકો 2. અન્નજાળ 3. પરોપજીવિતા 4. સહજીવન
16. પર્યાવરણીય પ્રદૂષણ–––––––––– થી સર્જાય છે.
 1. વસ્તી વિસ્ફોટક 2. પરિસ્થિતિકીય કટોકટી
 3. પરજીવીઓમાં વધારો 4. આર્થિક ઉન્નતિ
17. જળાશયોના જવામાં સકાર્બનિક – સેન્દ્રિય કચરાનો વધારો તથા જમાવટથી નીચેનામાંની કઈ પરિસ્થિતિ સર્જાયછે.?
 1. એસિડ વર્ષા 2. પાણીમાં ગુણવત્તામાં સુધારો
 3. યુટ્રોહીકેશન 4. પાણીમાં સામાન્ય જળચર સજીવોમાં વધારો
18. કોઈપણ વ્યકિતને ઓરી અછબડા નીકળ્યા હોય તો તેણે શું કરવું જોઈએ?
 1. મંદિરમાંજઈ બાધા/ઓરી નમાવવા 2. ઓફિસમાં નિયમિત જવું.
 3. ધરે જ બેઠા રહેવું જોઈએ. 4. રોગ મટાડવા માનતા માનવી જોઈએ.
19. પાશ્ચરના પ્રયોગોએ સાબિત કર્યુ કે –
 1. ખોરાક અને અન્ય સેન્દ્રિય તત્ત્વોથી સજીવો ઉત્પન્ન થાય છે.
 2. સડો અને અન્ય આથણથ સૂક્ષ્મજીવીઓથી થાય છે.
 3. હવા, પાણી, ખનીજ જેવા તત્ત્વોથી આપોઆપ સજીવો ઉત્પન્ન થાય છે.
 4. નિશિષ્ટ સર્જનવાદને સાચો ઠરાવ્યો.
20. નીચેનામાંની કઈ વૈજ્ઞાનિક પધ્ધતિઓ કે કલ્પના લોહયુગમાં ઉદ્ભવી હતી?
 1. પથ્થરોનો ઉપયોગ 2. ભૂમિતિ અને ખગોળશાસ્ત્ર
 3. ખરોષ્ઠી લિપિ 4. ત્રિકોણમિતિ
21. નીચેનામાનું કયું અવલોકન બ્રહ્માંડના ઉદ્ગમ માટેના બીગબેનવાદનું સમર્થન નથી કરતું?
 1. સમગ્ર અવકાશમાં કોસ્મિક વિકિરણો ફેલાયેલાં હોય છે.
 2. તારાકીય વર્ણપટો–વર્ણરેખાઓ ભૂરી તથા રકતરેખા તરફ ખસતી દેખાય છે.
 3. હાઈડ્રોજન અને હિલીયમ કોસ્મિક દ્રવ્યમાં અન્ય ભારે તત્ત્વો જે સૂક્ષ્મ માત્રામાં છે એ કરતા અતિશય વધારે જથ્થામાં છે.
 4. ગેલેક્ષીઓના પ્રકાશ વર્ણપટો રકતરેખા તરફ ખસતાં હોય છે જે બ્રહ્માંડનું વિસ્તરણ દર્શાવે છે.
22. યુરોપના પુનઃઉત્થાન વિષેના વિધાનો માટેનું ખોટું વિધાન – નીચેનામાનાં વિધાનોમાંથી ચૂંટો.
 1. વ્યાપાર માટે નવા દરિયાઈ માર્ગો શોધાયા.
 2. માનવશાસ્ત્રનો સવિસ્તાર અભ્યાસ થયો.
 3. ઔષધ વિધાન, દવાઓમાં ધાતૂના સંયોજનો વપરાયા.
 4. મીકેનિકસ – ગતિવિધાશાસ્ત્રના નિયમો શોધાયા.
23. નીચેનામાનું કયું પરિબળ જળચક્ર નિયમનમાં મહત્ત્વનો ફાળો આપે છે.?
 1. પ્રાણીઓની શ્વસનક્રિયા 2. વનસ્પતિઓની શ્વસનક્રિયા
 3. વનસ્પતિનાં પર્ણમાંથી નીકળતી વરાળ – ઉત્સ્વેદનક્રિયા
 4. જીવાણું દ્વારા સેન્દ્રિય પદાર્થોના વિધટનથી

24. કોઈપણ ટ્રેઈનને થતા અકસ્માત માટે નીચેનામાનું કયું કારણ ન હોઈ શકે.?
1. રેલ–પાટાની પટ્ટી ખસી ગઈ
2. ડ્રાઈવરની બેદરકારી
3. ટ્રેઈનના પેસેન્જરો કમનસીબ હતા.
4. સિગ્નલમેને સિગ્નલ ખોટું આપ્યું હતું.

25. પૃથ્વીના વાતાવરણમાંથી નીચેનામાનાં કયો વાયુ સૂર્યગરમી ગ્રહણ કરીને પૃથ્વીને ગરમ રાખે છે.
1. ઓક્સિજન
2. કાર્બન ડાયોકસાઈડ
3. મીથેન
4. કાર્બન ઓકસાઈડ

26. યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કયારે થઈ.
1. લોહયુગમાં
2. કાંસ્યયુગમાં
3. પ્રથમ વિશ્વયુધ્ધ દરમ્યાન
4. પુનુરુત્થાન સમય દરમ્યાન

27. ઔદ્યોગિક ક્રાંતિની અસરો બાબતમાં નીચેનામાનું કયૂં વિધાન ખોટું છે.?
1. ગામડાઓનું ઔદ્યોગિક વસાહતો ધરાવતાં શહેરોમાં પરિવર્તનથી
2. શ્રમ વિભાજનથી કામદારોની હાલત સુધરી
3. વેપાર માટે લાંબા અંતર માટે ટેલિફોનનની શોધ થઈ.
4. મજૂરોમાં રોગ વધ્યા.

28. નીચેનામાનાં કયા વૈજ્ઞાનિક ગતિશકિત અને ઉર્જાના નિયમો આપ્યાું?
1. પ્રીસ્ટલી 2. પાશ્વર 3. લેમાર્ક 4. ન્યૂટન

29. નીચેના પૈકી કયુ વૈજ્ઞાનિક પધ્ધતિઓમાં નથી આવતું?
1. અવલોકનો 2. ઉદ્યોગોનો વિકાસ 3. પ્રયોગો 4. પૂર્વધારણા

30. ઓઝોન સ્તરમાં ગાબડું/કાણું પડવાનું કારણ––
1. વાતાવરણમાં કાર્બનડાયોકસાઈડનો થતો સતત વધારો
2. વાતાવરણમાં ઓક્સિજનનો થતો સતત વધારો
3. વાતાવરણમાં CFC વાયુનો થતો સતત વધારો
4. વાતાવરણમાં CFC વાયુનો થતો સતત ધટાડો

31. રકત/લોહીમાં હીમોગ્લોબીનના સંશ્લેષણ માટેનું તત્ત્વ કયું છે.?
1. તાંબુ 2. જસત 3. લોહ 4. સોડિયમ

32. નીચેનામાની કઈવનસ્પતિ ખારી – ક્ષારવાળી જમીનને સુધારવા માટે વપરાય છે?
1. બાવળ 2. આંબો 3. પપૈયા 4. મોરસની ભાજી

33. ટ્રીટીકેલ પાક કયો પાક છે? કયારે ઉગાડી શકાય?
1. બારમાસી
2. રવિપાક
3. ખરીફપાક
4. આવો કોઈ પણ પાક નથી.

34. તમને ગુજરાતમાં એગ્રોફોરેસ્ટ્રી માટે વૃક્ષો વાવવાનું કહેવામાં આવે તો તમે કયા વૃક્ષોની ભલામણ કરશો?
1. દેવદાર 2. સુબાવળ 3. સફરજન 4. લીચી

35. ચર્નોબિલ દુર્ઘટના–––––––––ના સ્ફોટનથી સર્જાઈ હતી.
1. મિસાઈલ
2. રોકેટ
3. ન્યૂકિલયર વિકિરણો
4. સ્ટીમર ડૂબી જવાથી

36. મોનોમાઈર ભારતમાં કયાથી મેળવી શકાય?
1. ગુજરાતનો ભટપ્રદેશ
2. હિમાલય
3. બંગાળનો ઉપસાગર
4. કેરલના દરિયાકિનારેની રેતીમાંથી

37. નીચેમાનું કયું/શું પુનઃનિર્મિત સંપદા નથી?
1. જંગલો
2. સમુદ્રસૃષ્ટિ – સજીવો
3. ખનીજ તત્ત્વો
4. વાતાવરણના વાયુઓ

38. ડાયાબીટીસના રોગી / દર્દીએ શું ન લેવું જોઈએ?
1. વીટામીન્સ 2. કાર્બોહાઈડ્રેટ્સ 3. ખનીજો 4. પ્રોટીન્સ

39. એડ્રેનિલ બાધ્યક – અંત્રસ્ત્રાવો શું કાર્ય કરે છે.
1. થાઈરોઈડને ઉતેજિત કરે
2. મીઠા અને ખાંડની ચયાપચયની ક્રિયાઓનું નિયમન
3. રૂધિરનું દબાણ વધારે છે.
4. રૂધિરમાં કેલ્શિયમનું પ્રમાણ ઘટાડે છે.

40. બાળકોની જે વસ્તુ હયાત હોય તે શોધી કાઢવાની  શકિતને..............................કહેવામાં આવે છે.
1. પ્રિ ઓપરેશનલ    2. વાસ્તવિક ક્રિયાઓ
3. 'વસ્તુ સ્થિરતા'    4. ગહન સંજ્ઞાની સમજણ
41. મનુષ્યમાં આક્રમકતા મોટા ભાગે ............................ પ્રત્યાઘાત ગણાય છે.
1. શિખાઉ    2. બોધાત્મક    3. આંતરિક    4. ઉપરનું કંઈ નહિ
42. નીચેનામાનું કયું સંચાર કે સંદેશાવ્યવહારનું કાર્ય નથી –
1. શિક્ષણ આપવું    2. માહિતીની આપલે
3. સ્રોતો પૂરાં પાડવા    4. જન અભિયાન શરૂ કરવું
43. રાષ્ટ્રીય ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટે આપણાં દેશમાં નીચેનામાનું કયું જરૂરી છે?
1. આપણી પરંપરાગત પુરાણી આવડત
2. આધુનિક અને ખર્ચાળ ટેકનોલોજીની સતત આયાત
3. પરદેશથી ટેકનોલોજીસ્ટની ભરતી કરવી
4. ઔદ્યોગિક ઉત્પાદન અને વિજ્ઞાન અને ટેકનોલોજી વચ્ચે જોડાણ
44. નીચેનામાનું કયું સુપર કન્ડકટર માટે જરૂરી છે?
1. તાંબુ    2. સીલીકોન    3. રેડિયમ    4. યુરેનિયમ
45. જીનીટીક ઈજનેરી વિદ્યા કયાં શીખી શકાય?
1. ઈજનેરી કોલેજ
2. રીમોટ સેન્સીગની પ્રયોગશાળા
3. ઈન્ફોર્મેશન ટેકનોલોજીની શાખામાં
4. જીવવિજ્ઞાન શાખાવાળી કોઈપણ પ્રયોગશાળા
46. ........................... ના સ્પર્શથી રૂઝ લાવી શકાય છે.
1. ઓપ્ટીકલ ફાઈબર્સ    2. લેસર
3. ક્ષ – કિરણો    4. કિરણોત્સર્જી પદાર્થો
47. જમીનમાં નાઈટ્રોજનને વધારવા નીચેનામાંના કયા પાકનું વાવેતર કરવું જોઈએ?
1. ધાન્યપાકો    2. તેલીબિયાં    3. રેસાપાકો    4. કઠોળપાકો
48. પૃથ્વીપર સૌથી નાનાં અને પાંખાળા નિવસનતંત્રો કયાં છે?
1. ટુંડ્ર પ્રદેશ    2. મહાસાગરો    3. જંગલો    4. વાતાવરણ
49. ભૂવિજ્ઞાન તેમજ જીવવિજ્ઞાનની કઈ ભૂસ્તરીય ભૂતકાળનાં સજીવોના અભ્યાસ સાથે સંકળાયેલ છે.
1. પુરાતત્ત્વશાસ્ત્ર    2. અશ્મિવિદ્યા
3. નૃવંશશાસ્ત્ર    4. મત્સ્ય – (ફીશરી)શાસ્ત્ર
50. બ્રહ્માંડની શોધખોજમાં રેડિયો – ટેલિસ્કોપ વાપરવામાં આવે છે કારણ કે....
1. રડિયો તરંગો રજકણનાં વાદળાં બાંધી શકે છે.
2. તારાઓની ઉર્જા મળી શકે છે.
3. અવકાશયાનને અવકાશમાં સ્થિર રાખી શકે છે.
4. તારા, ઉલ્કા અને નિહારિકાનું ભ્રમણ આલેખી શકે છે.

ઑગષ્ટ-2008

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આર.સી.ટેકનિકલ કમ્પાઉન્ડ,નવી ગુજરાત હાઈકોર્ટ સામે,
સરખેજ ગાંધીનગર હાઈવે,સોલા,અમદાવાદ–380060.

## કમ્પ્યુટર મૂલ્યાંકિત સ્વાધ્યાયકાર્યના જવાબ દર્શાવવા માટેનું જવાબપત્રક

અભ્યાસકેન્દ્રને મોકલવાની અંતિમ તા. 10-01-2009

નોંધણી ક્રમાંક : ........................................................ અભ્યાસક્રમ : **BDP**.
વિદ્યાર્થીનું નામ: ........................................................ પાઠ્યક્રમ સંજ્ઞા : **FST-01**
અને સરનામુ ........................................................ સ્વાધ્યાય કાર્ય સંજ્ઞા : ................................
........................................................ વિદ્યાર્થીની સહી : ................................
........................................................ તારીખ : ................................
પીન કોડ : .................................. અભ્યાસ કેન્દ્ર : ................................

| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 31 | 32 | 33 | 34 | 35 | 36 | 37 | 38 | 39 | 40 |
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 41 | 42 | 43 | 44 | 45 | 46 | 47 | 48 | 49 | 50 |
| જવાબ | | | | | | | | | | |

ફક્ત કાર્યાલયના ઉપયોગ માટે

Entered by ................................ Total Questions Attempted : .......................................
Verified by ................................ Wrong Answers : .......................................
Total Marks : .......................................
Grade Obtainded : .......................................